
# સુથારદાદા



ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. એમની પાસે ખૂબ જ મોટું ખેતર હતું. ખેતરની બરાબર વચ્ચેથી એક નહેર પસાર થતી હતી. વરસોથી બંને ભાઈઓ સંપીને રહેતા હતા અને ખેતી કરતા હતા. બંનેનાં કુટુંબો પણ એકબીજા સાથે હળીમળીને રહેતાં હતાં,

એક વખત નાની અમથી કોઈ વાતમાંથી બંનેને વાકું પડી ગયું. બંનેનાં કુટુંબો વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો. વાત એટલી હદે વણસી ગઈ કે મોટાભાઈએ નહેરના સામેના કાંઠે ઘર બાંધીને રહેવાનું શરૂ કરી દીધું. હવે એકબીજાને ઘરે જવા માટે પણ ત્યાંથી દૂર એક પુલ હતો ત્યાં સુધી જવું પડે તેવું થઈ ગયું. નહેરની સામેની તરફનું ખેતર મોટાભાઈનું અને આ તરફનું નાનાભાઈનું એમ વહેંચણી પણ થઈ ગઈ. બંને ઘર વચ્ચેનો બધો વહેવાર બંધ થઈ ગયો, પણ એક તકલીફ ઊભી રહી. મોટાભાઈ દ્વારા ઘર પોતાના ભાઈના ઘરની બરાબર સામે જ બંધાઈ ગયું હતું એટલે ઊઠતાં-બેસતાં એકબીજાનાં મોઢાં તો જોવાં જ પડે ! રોજેરોજ એકબીજા સામે ઘુરકિયાં કરીને બંને કંટાળ્યા હતા.

એક દિવસ એક સુથારદાદા ત્યાં આવી ચડ્યા. એમને જોઈને મોટાભાઈએ એમને પોતાના ઘરે બોલાવ્યા. બધી વાત કરીને પછી કહ્યું, 'દાદા ! તમે મને લાકડાની એવી ઊંચી દીવાલ નહેરના કાંઠે બનાવી આપો ખરા કે જેથી મારે દરરોજ પેલા મારા ભાઈનું મોં ન જોવું પડે?'

સુથારદાદાએ હા પાડી, કહ્યું કે બીજા દિવસની સવાર સુધીમાં એવી દીવાલ એ બનાવી આપશે જેથી બે કુટુંબો હંમેશ માટે અલગ થઈ જાય. જોઈતો બધો સામાન મંગાવીને એમણે કામ કરવાનું શરૂ કર્યું. સાંજ સુધીમાં એમણે બધાં લાકડાંઓને સરખાં છોલીને તૈયાર કરી નાખ્યાં. પછી ફાનસના અજવાળે કામ કરવાનું ચાલુ રાખ્યું. શિયાળાની રાત્રે આજુબાજુ બધા જ ગોદડાંમાં ઢબૂરાઈને સૂઈ ગયાં હતાં. એ વખતે પણ સુથારદાદાનાં ઓજારોનો ઠકઠક અવાજ નિરંતર આવતો હતો. સવારોસવાર એ અવાજ આવતો રહ્યો.

સવાર પડી એટલે બંને ભાઈઓ પોતાના ઘરમાંથી બહાર આવ્યા. બંનેના મગજમાં આજે એક વાતની રાહત હતી - એકબીજા સામે ઘુરકિયાં તો નહીં કરવાં પડે ! ફળિયામાં આવીને જોયું તો બંને આભા જ બની ગયા. બંનેની નવાઈનો પાર ન રહ્યો. લાકડાની ઊંચી દીવાલને બદલે સુથારદાદાએ નહેરના બે છેડાને જોડતો એક પુલ બનાવી નાંખ્યો હતો. આખી રાતના કામના થાકથી પુલના એક છેડા પાસે જ સુથારદાદાની આંખ મળી ગઈ હતી.

બંને ભાઈઓ પુલના છેડે થોડી વાર ઊભા રહ્યા. પછી દોડીને એકબીજાને ભેટી પડ્યા અને ક્યાંય સુધી રડતા રહ્યા. બંનેના કુટુંબીજનો પણ આ દૃશ્ય જોઈ રડી પડ્યા.

કોલાહલ સાંભળીને સુથારદાદાની ઊંઘ ઊડી ગઈ. પોતાનાં ઓજારોની થેલી ખભે મૂકી ચાલવાની તૈયારી કરી. બંને ભાઈઓએ દોડીને એમના ચરણ પકડી લીધાં. એમને રોકાઈ જવાનો અને જમીને જ જવાનો આગ્રહ કર્યો. પરંતુ જાણે કંઈ પણ ન સાંભળતા હોય તેમ સુથારદાદા એટલું જ બોલ્યા, ‘ના દીકરાઓ ! મારાથી નહીં રોકાઈ શકાય. રોકાવાનું પાલવે તેમ જ નથી. આવા તો ઘણા બધા પુલ હજુ બાંધવાના છે.’ એટલું બોલી નિસ્પૃહની માફક એ ચાલતા થયા. ત્યાં ઊભેલા સૌ એમને આંસુભરી આંખે ક્ષિતિજમાં ઓઝલ થતા જોઈ રહ્યા.

ડૉ. આઈ. કે . વીજળીવાળા